# દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી કૃત્ય આચરવા માટે ઘાતક હથિયાર એકત્ર કરનાર મૂળ ઉત્તર પ્રદેશના ઈસમની નવસારી ખાતેથી ધરપકડ કરતી ગુજરાત એ.ટી.એસ. તથા નવસારી પોલીસ

27-01-2026

ગુજરાત આતંકવાદ વિરોધી દળ (ATS) સતત દેશવિરોધી પ્રવૃત્તિઓ પર બાજ નજર રાખી રહ્યું છે. આ કામગીરીના ભાગરૂપે, એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક શ્રી હર્ષ ઉપાધ્યાયને મળેલ ચોક્કસ બાતમીના આધારે એક ગંભીર ગુન્હાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

એ.ટી.એસ. ગુજરાતના નાયબ પોલીસ અધિક્ષકશ્રી હર્ષ ઉપાધ્યાયનાઓને ગુપ્ત રાહે બાતમી મળેલ કે, મૂળ ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના ડુંડાવાલાના વતની અને હાલ નવસારીના ઝારાવાડ વિસ્તારમાં રહી દરજી કામ કરતા ફૈઝાન નામના ઈસમે યુ.પી.ના કેટલાક જાણીતા યુવાનો ઉપર હથિયારોથી હુમલા કરી જાનથી મારી નાખી આતંક ફેલાવવાનું તેમજ જેહાદ મારફતે કાશ્મીરને ભારત દેશથી છૂટા પાડવાનું કાવતરૂ રચેલ છે અને આ કાવતરૂ પાર પાડવા માટે તેણે ઘાતક હથિયાર એકત્રિત કરેલ છે. જે અંગે એ.ટી.એસ. ગુજરાતના ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા તેઓશ્રીએ આ બાબતે તપાસ કરી ગુન્હાહિત જણાઇ આવેથી કાયદેસર કાર્યવાહી કરવા હુકમ કરેલ.

જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક શ્રી હર્ષ ઉપાધ્યાયનાઓના નેતૃત્વ હેઠળ પો.વા.સ.ઈ. નિકુંજ જોષી તથા પો.સ.ઈ. ડી.વી.રબારીનાઓની ટીમ દ્વારા આ માહિતીનું ટેકનીકલ એનાલીસીસ કરવામાં આવેલ, જે દરમ્યાન ઉપરોક્ત ફૈઝાન નામના ઈસમ દ્વારા ઉપયોગમાં લેવાતી એક સંદિગ્ધ ઇન્ટાગ્રામમ પ્રોફાઇલ al.faizangaza મળી આવેલ. જે અંગે વધુ ટેકનીકલ એનાલીસીસ કર્યા બાદ એ.ટી.એસ.ના પો.ઇન્સ.શ્રી એન.આર. બ્રહ્મભટ્ટ, પો.ઇન્સ.શ્રી સી.એચ.પનારા, પો.ઇન્સ.શ્રી કે.બી.દેસાઇ તથા પો.સ.ઇ.શ્રી એ.પી.પરમારનાઓની ટીમ દ્વારા ગુપ્ત રાહે તપાસ કરતા ઉપરોક્ત બાતમીવાળો ઈસમ ફૈઝાન હાલમાં બાતમી હકીકતવાળા વિસ્તારમાં હાજર હોવાનું જણાઈ આવેલ. ત્યારબાદ નાયબ પોલીસ અધિક્ષક શ્રી હર્ષ ઉપાધ્યાયના નેતૃત્વ હેઠળ ઉપરોક્ત ટીમ સાથે ગુજરાત એ.ટી.એસ.ના પો.ઇન્સ.શ્રી પી.બી.દેસાઇ, પો.ઇન્સ.શ્રી વી.આર.જાડેજા તથા પો.વા.ઈન્સ. મૃણાલ શાહ તેમજ નવસારી પોલીસની ટીમ પણ જોડાયેલ અને બાતમી હકીકતવાળા વિસ્તારમાં રેડ કરતા ઉપરોક્ત ફૈઝાન નામનો ઈસમ મળી આવેલ. જેણે પોતાનું પૂરૂં નામ ફૈઝાન સ/ઓ શકીલ સલમાની, ઉ.વ.૨૨, રહે.હાલ: ઝારાવાડ, અક્શા મસ્જીદ પાસે, નવસારી સીટી તથા મૂળ રહેવાસી. ગામ: નરપતનગર, પોસ્ટ: ડુંડાવાલા, તા.સુઆર, જી.રામપુર, ઉત્તરપ્રદેશનો હોવાનું જણાવેલ.

ત્યારબાદ પકડાયેલ ઈસમ ફૈઝાનને વધુ પૂછપરછ અર્થે નવસારી એસ.ઓ.જી કચેરી ખાતે લાવવામાં આવેલ અને તેની પાસેથી મળી આવેલ મોબાઈલ ફોનની ઝડતી દરમ્યાન પ્રતિબંધિત

આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) તથા અલ-કાયદા (AQ)ની વિચારધારાને સમર્થન આપનાર ઉશ્કેરણીજનક સાહિત્ય મળી આવેલ. પ્રાથમિક તપાસ દરમ્યાન આ વિષયને લગતી મુખ્ય રીકવરી નીચે મુજબ છે.

1. એક ફોટેગ્રાફ, જેમાં લાલ કિલ્લા ઉપર ત્રિરંગાની જગ્યાએ કાળા કપડાનો ઇસ્લામીક ઝંડો છે, તેમજ આ ફોટાની નીચેના ભાગે અંગ્રેજીમાં AL FAIZANCHOUDHARY લખેલ છે.
2. એક ભારતીય ઉપખંડ તથા આજુબાજુના વિસ્તારનો નકશો છે તેમજ ભારતનો કાશ્મીર સિવાયનો વિસ્તાર કાળા રંગનો છે તેમા વચ્ચેના ભાગે અરબી ભાષામાં  લખાણ લખેલ છે તથા કાશ્મીરના ભાગે કથિત આઝાદ કાશ્મીરનો ઝંડો છે.
3. એક ફોટામાં સફેદ અક્ષરે અંગ્રેજીમાં લખેલ છે કે
   Of India in “Delhi The death of all these names written is very close, And we will show you how to kill them” Inshallah અને કેટલાક ઈસમોના નામ લખેલ.
4. એશીયાનો નકશો છે જેમા મથાળે અંગ્રેજીમાં 2026 Overview Muslim Territories Currently Under Kuffar Occupation લખેલ છે.
5. પકડાયેલ ઈસમનો ચહેરો ઢાંકેલ અને આંગળી ઊંચી કરેલ 'અલ-જિહાદ' લખાણવાળો ફોટો મળી આવ્યો છે. જેમાં તેણે પયગંબર સાહેબની ગુસ્તાખી કરનારાઓના 'ફોટા પાડી રાખ્યા છે' અને તેઓને 'કૂતરાની મોતે મારીશું' તેવી ગંભીર ધમકી આપી છે.
6. એક દુનિયાના નકશાના બેક ગ્રાઉન્ડમાં અલગ અલગ જગ્યાએ અરબી ભાષામાં લખાણ લખેલ છે તેમજ વચ્ચે પુથ્વિનો ગોળો છે જેની ઉપરના ભાગે બ્લેક ઇસ્લામીક ઝંડો છે તેની નીચે અરબી અગર ઉર્દુ ભાષામાં કંઇક લખેલ છે તથા તેની નીચે અંગ્રેજીમાં Hizb ut-Tahrir લખેલ છે.
7. કેટલીક વ્યક્તિઓના ફોટા છે, જેઓના મોઢા ઉપર ગોળ રાઉન્ડ કરેલ છે.
8. મોહમદ અબુ બકર સાથેની ચેટ, જેમા આતંકવાદી ફરાતુલ્લા ઘોરીનો ઉશ્કેરણી જનક વિડિયો તેમજ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમદના મિડિયા સેલ દ્વારા પ્રસારીત કરેલા ઉશ્કેરણી જનક વિડીયો તેમજ ઉર્દુ ભાષામાં ઉશ્કેરણી જનક બયાનની ઓડિયો ફાઇલ સામેલ છે.

પકડાયેલ ઈસમ ફૈઝાનના કબ્જામાંથી ૦૧ પિસ્તોલ તથા ૦૬ લાઈવ રાઉન્ડ મળી આવેલ. આ ઉપરાંત અરબી તથા ઉર્દૂ જેવી લિપિમાં લખાયેલ લખાણ તથા ફોટા ધરાવતા કુલ ૨૯ પાનાનું શંકાસ્પદ સાહિત્ય મળી આવેલ છે. તેમાં યુવાનોને ગેરમાર્ગે દોરતું અને 'જિહાદ' માટે ઉશ્કેરણી કરતું અત્યંત વાંધાજનક લખાણ હોવાનું સામે આવ્યું છે. આ સાહિત્યમાં મુખ્યત્વે 'શા માટે અલ-કાયદા?' (Why Al-Qaeda?) જેવા શીર્ષકો હેઠળ આતંકવાદી વિચારધારાને સમર્થન આપતું અને પ્રતિબંધિત સંગઠનો તરફ આકર્ષિત કરતું સાહિત્ય મળી આવેલ છે.

પકડાયેલ ઈસમ ફૈઝાનને ઉપરોક્ત બાબતે પંચો રૂબરૂ પૂછપરછ કરતાં તેણે જણાવેલ કે, તે છેલ્લા ૬-૭ મહિનાથી વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ અને ટેલિગ્રામ જેવા સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા 'મોહમ્મદ અબુ બકર' નામના શખ્સના સંપર્કમાં હતો. આશરે ત્રણ મહિના પહેલાં તે પોતાના ઇન્સ્ટાગ્રામ આઈડી 'al.faizangaza' મારફતે એક ગ્રુપમાં જોડાયો હતો. આ ગ્રુપમાં જે ઈસમોએ કથિત રીતે પયગંબર સાહેબની ગુસ્તાખી કરી હતી, તેમના ફોટા અને નામ વાયરલ કરી તેમને મારી નાખવા (હત્યા કરવા) માટે ઉશ્કેરવામાં આવેલ અને યોજના બનાવેલ. આ માહિતી ફૈઝાને અન્ય લોકોને પણ ફોરવર્ડ કરી હતી.

વધુમાં, ફૈઝાન તથા અબુ બકર ટેલિગ્રામ પર મૌલાના મસૂદ અઝહર તથા પ્રતિબંધિત આતંકવાદી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ'ના ઉશ્કેરણીજનક બયાન સાંભળી તેને અનુસરતા હતા. ફૈઝાને કેટલાક રેડીકલ ગૃપમાંથી મળેલ મૌલાના મસૂદ અઝહર અને મુફ્તી અબ્દુલ રૌફ અસગરના જિહાદી વીડિયો પોતાના ઇન્સ્ટાગ્રામ પર અપલોડ કર્યા હતા.

ફૈઝાનના કબજામાંથી મળી આવેલા ગેરકાયદેસર પિસ્ટલ અને લાઈવ કારતુસો અંગે પૂછપરછ કરતાં તેણે જણાવેલ કે, આ હથિયાર તે આશરે છ મહિના પહેલાં જ્યારે પોતાના વતન ઉત્તર પ્રદેશ ગયેલ, ત્યારે ત્યાંના એક અજાણ્યા ઈસમ પાસેથી મેળવ્યા હતા. આ હથિયાર રાખવા પાછળનો તેનો મુખ્ય હેતુ એવા ઈસમોને નિશાન બનાવવાનો હતો, જેમણે પયગંબરની શાનમાં ગુસ્તાખી કરી હોય. આવા ઈસમોની ઓળખ કરી તેમના પર ફાયરિંગ કરી, તેમની હત્યા (Targeted Killing) કરવાનું એક ભયાનક કાવતરું તેણે ઘડ્યું હતું.

આમ, પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે કે, પકડાયેલ ઈસમ ફૈઝાન શકિલ તથા વોન્ટેડ આરોપી મોહમ્મદ અબુ બકર નાઓએ ભારત સરકાર તથા ભારતીય નાગરિકો વિરુદ્ધ જેહાદી હિંસાત્મક કૃત્યો કરવાની મનશા સાથે, જૈશ-એ-મોહંમદ અને અલ-કાયદા જેવા આતંકવાદી સંગઠનોથી પ્રેરિત થઈ, ચોક્કસ ધર્મસમુદાયમાં ભય અને આતંક ફેલાવવાનો ગુનાહિત કાવતરૂ સચેલ છે. તેમજ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને ભારતીય સંઘથી અલગ પાડવા માટે સશસ્ત્ર બળવો અને જેહાદ અંગે લોકોમાં ઉશ્કેરણી કરવાનો પ્રયાસ કરેલ હોવાનું પણ સામે આવેલ છે. જે અનુસંધાને એ.ટી.એસ. ગુજરાત ખાતે અનલોકુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ ઉપરોક્ત કાવતરામાં સંડોવાયેલ અન્ય ઇસમો વિરુદ્ધ વધુ તપાસ ચાલુમાં છે.




ફૈઝાન સ/ઓ શકીલ સલમાની





Kashmir Militarized Occupation in a Muslim Valley
East Turkistan: Millions Held in So-Called Re-Education Camps
Indian Muslims: Living Under Fear, Violence and Hindutva Extremism"
Arakan Ethnic Cleansing of the Rohingya Muslims

حزب التحرير
Hizb ut-Tahrir


AL FAIZANCHOUDHARY

